ADMISSION OPEN

કમિશ્નરેટ ઓફ ટેકનિકલ એજ્યુકેશન, ગુજરાત
એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ ડિપ્લોમા કોર્સિસ, ગુજરાત
બીજો માળ, એસીપીસી બીલ્ડીંગ, એલ. ડી કોલેજ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૧૫

REGISTER NOW

# ધોરણ-૧૦ પછી પ્રથમ વર્ષ ડિપ્લોમા ઇજનેરીના અભ્યાસક્રમમાં ઓનલાઈન પ્રવેશ વર્ષ: ૨૦૨૫-૨૬

## પ્રવેશ લાયકાત

જે ઉમેદવારે માધ્યમિક શાળાંત પરીક્ષા (ધો.૧૦) ગણિત/ બેઝિક ગણિત/ સ્ટાન્ડર્ડ ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી વિષય સાથે માન્ય બોર્ડમાંથી ઉત્તીર્ણ કરેલ હોય અથવા તેને સમકક્ષ પરિક્ષા માન્ય બોર્ડમાંથી ઉત્તીર્ણ કરેલ હોય તેવા ઉમેદવારો પ્રવેશ માટે લાયક ગણાશે.

## રજીસ્ટ્રેશન ફી

રજીસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ કરવા માટે https://gujdiploma.admissions.nic.in પર સંપૂર્ણ વિગત ભરી, જરૂરી દસ્તાવેજો અપલોડ કરી રજીસ્ટ્રેશન ફી પેટે રૂ.૨૫૦/- (નોન રિફંડેબલ) ઓનલાઇન પેમેન્ટ કરવાના રહેશે. આ અંગેની કોઇપણ મુશ્કેલી માટે પ્રવેશ સમિતિની હેલ્પ લાઇન નંબર ૦૭૯-૨૬૫૬૬૦૦૦ (સવારે ૮ થી મધ્યરાત્રિ ૧૨ વાગ્યા સુધી) પર આપ સંપર્ક કરી શકો છો. ઉમેદવાર પોતાનું સંપૂર્ણ વિગતો ભરેલું રજીસ્ટ્રેશન ફોર્મ સમિતિની ઉપરોક્ત વેબસાઇટ પરથી ડાઉનલોડ કરી શકશે.પ્રવેશવાંચ્છુક ઉમેદવારોએ પોતાના બેંક એકાઉન્ટ/ જોઇન્ટ એકાઉન્ટ અંગેની બેંકની માહિતી રજીસ્ટ્રેશન દરમ્યાન ભરવી હિતાવહ છે. આગળની પ્રક્રિયામાં ભાગ લેવા માટે રજીસ્ટ્રેશન ફી પેટે ઓનલાઇન પેમેન્ટ કરવું ફરજીયાત રહેશે.

## હેલ્પ સેન્ટર

### સમય : કામકાજના દિવસો માટે સવારે ૧૧ થી સાંજે ૫ વાગ્યા સુધી

પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉમેદવારો માટે ડિપ્લોમા પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લેનાર દરેક સંસ્થાઓ/ કોલેજો ખાતે Help Centre અંગેની સુવિધા નિ :શુલ્ક ઉપલબ્ધ રહેશે (જેની યાદી https://acpdc.gujarat.gov.in/ પર ઉપલબ્ધ છે.) ઉમેદવાર કોઈપણ Help Centre ખાતેથી ઓનલાઇન રજીસ્ટ્રેશન કરાવી શકશે. જાહેર રજાના દિવસો સિવાય કોઈ પણ દિવસે સવારે ૧૧:૦૦ થી સાંજે ૦૫:૦૦ કલાક દરમ્યાન કોઈપણ Help Centre ખાતે ઉમેદવાર ઓનલાઈન રજીસ્ટ્રેશન પ્રક્રિયા માટે જરૂરી દસ્તાવેજો અપલોડ કરવા રૂબરૂ મુલાકાત લઈ શકશે.

## સરકારી ,અનુદાનિત અને સ્વનિર્ભર સંસ્થાઓની સરકારી બેઠકો તેમજ સ્વનિર્ભર સંસ્થાઓએ સ્વેચ્છાએ સુપ્રત કરેલ સંચાલક મંડળ ની બેઠકો પર ઓનલાઇન રજીસ્ટ્રેશન

## ૧૫-૦૫-૨૦૨૫ ના રોજ બપોરે ૧૨:૩૯ વાગ્યાથી ઓનલાઇન રજીસ્ટ્રેશન

ઉમેદવારો ઓનલાઇન રજીસ્ટ્રેશન https://gujdiploma.admissions.nic.in ની વેબસાઇટ પર તા:૧૫/૦૫/૨૦૨૫ થી તા: ૨૩/૦૬/૨૦૨૫ સુધીમાં કરી શકશે. પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉમેદવારો માટે ઓનલાઇન રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.ઓનલાઇન રજીસ્ટ્રેશન માટે ઉમેદવારો ઇન્ટરનેટ સુવિધાવાળા કોમ્પ્યુટર/ લેપટોપ દ્વારા રજીસ્ટ્રેશનની પ્રક્રિયા કરી શકશે. ઓનલાઇન રજીસ્ટ્રેશન પ્રક્રિયાની વિગતવાર માહિતી, ઉમેદવારો માટેની ઇ-માહિતી પુસ્તિકા અને વિડિઓ લીંક https://acpdc.gujarat.gov.in/ પર ઉપલબ્ધ છે.

## Visit acpdc.gujarat.gov.in for

- નોટીફીકેશન્સ
- લાયકાત અને મેરીટ તૈયાર કરવા માટેના નિયમો
- સંસ્થાઓ અને અભ્યાસક્રમોની યાદી
- નિયુક્ત કરાયેલા હેલ્પ સેન્ટર્સ ની યાદી
- પ્રવેશ નો કાર્યક્રમ
- સમગ્ર પ્રવેશ પ્રક્રિયાની તમામ પ્રકારની જાહેરાત અને નોટીસ
- કટ-ઓફ માર્કસ
- એડ્મિશનને લગતા વિડિઓઝ
- વિવિધ પ્રમાણપત્રોના નમૂના
- વારંવાર પૂછાતા પ્રશ્નો અને તેના જવાબ

## Visit gujdiploma.admissions.nic.in for

- ઓનલાઈન રજીસ્ટ્રેશન
- રજીસ્ટ્રેશન ફી ભરવી
- ચોઈસ ફીલીંગ
- પ્રવેશ ફાળવણી
- એડમીશન કન્ફર્મેશન અને તે માટે ટોકન ટયુશન ફી ભરવી

## Note

(અ) ઓનલાઇન પ્રવેશને લગતી તમામ માહિતી જેવી કે સરકારી/અનુદાનિત/સ્વનિર્ભર સંસ્થાઓની યાદી, ઉપલબ્ધ બેઠકો, પ્રવેશ લાયકાત, પ્રવેશના નિયમો, ગતવર્ષના જે તે સંસ્થાની જે તે શાખામાં અંતિમ પ્રવેશના માર્ક/મેરીટ નંબરની યાદી, રજીસ્ટ્રેશન પ્રક્રિયાની સમજૂતી,જરૂરી અગત્યના દસ્તાવેજોના નમૂના ,સમય સારણી વગેરે માહિતી https://acpdc.gujarat.gov.in/ વેબસાઇટ પર મુકવામાં આવેલ છે. રજીસ્ટ્રેશન કરતા પહેલા તેનો અભ્યાસ કરી લેવો હિતાવહ રહેશે.આ માટે પ્રવેશવાંચ્છુક ઉમેદવારોએ ઓનલાઇન રજીસ્ટ્રેશન કરાવવાનુ રહેશે. ઉમેદવારે કોઇપણ Document રૂબરૂ આપવા કે ચકાસણી કરાવવા જવાની જરૂર નથી. પ્રવેશ માટેની સંપૂર્ણ પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઇન છે.

(બ) સમિતિની વેબસાઇટ તથા e-Booklet માં દર્શાવવામાં આવેલ Key Dates (પ્રવેશ કાર્યક્રમ સમય સારણી) પ્રમાણે આગળની ઓનલાઇન પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની ઉમેદવારોએ નોધ લેવી, અને પ્રવેશ કન્ફર્મ ન કરાવી લે ત્યાં સુધી બંને વેબસાઇટની નિયમિત રીતે મુલાકાત લેતા રહેવું હિતાવહ છે.

(ક) ઉમેદવારોએ ભરેલ ઓનલાઇન રજીસ્ટ્રેશન ફોર્મના સમિતિ દ્વારા કરવામાં આવતા વેરીફિકેશન દરમ્યાન જો કોઇ વિસંગતતા જણાશે તો કવેરી જનરેટ થશે અને જે તે ઉમેદવાર ને આ બાબતની જાણ તેઓના રજીસ્ટર્ડ ઇમેઇલ અને મોબાઇલ પર કરવામાં આવશે અને તેની પૂર્તતા માટે ઉમેદવારે તેમની કવેરી મુજબના દસ્તાવેજ અપલોડ કરવાના રહેશે. જેથી ઉમેદવારે સમયાંતરે પાત્રતા માટે https://gujdiploma.admissions.nic.in પર પોતાના login-ID માં જોતા રહેવું હિતાવહ છે. ઉમેદવાર તેમની કવેરી મુજબના દસ્તાવેજ અપલોડ કરવા Help Centre ની મુલાકાત પણ લઈ શકશે.

(ડ) તમામ ઇચ્છુક ઉમેદવારો અને તેમના વાલીઓએ પ્રવેશ પ્રક્રિયા અંગેની તમામ નવીનતમ માહિતી અને અપડેટ્સ માટે સમયાંતરે ACPDC ની ઉપરોક્ત વેબસાઇટ્સ તપાસતા રહેવું હિતાવહ છે.આ અંગેની કોઇપણ મુશ્કેલી માટે પ્રવેશ સમિતિની હેલ્પ લાઇન નંબર ૦૭૯-૨૬૫૬૬૦૦૦ પર આપ સંપર્ક કરી શકો છો.

ACPDC Gujarat

Registration Portal

૦૭૯-૨૬૫૬૬૦૦૦

સમય
સવારે ૦૮.૦૦ થી મધ્યરાત્રી ૧૨.૦૦ સુધી

YouTube

WhatsApp